## બે આંચકા: એક કારાકાસમાં, બીજો અયોધ્યામાં

# અવધનગરીનો આંચકો વધારે દૂરોગામી અસરવાળો

મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

આંચકા જીવમાત્રને જીવવાનું અભિનવ બળ પ્રેરે છે. કવિને આંચકો લાગ્યો અને તેના મુખમાંથી વિશ્વની પહેલી કવિતા સરી પડી હતી. આદિપુરુષ નારીના દેહવૈભવને નિહાળી અંજાઈ ગયો અને ‘પહેલું પાપ’ આચરી બેઠો. પરિણામે આખી સૃષ્ટિ સર્જાઈ. વૃક્ષ પરથી સફરજન પડતાં જ ન્યૂટનને વૈજ્ઞાનિક આંચકો લાગ્યો.

સવારે રાત આખી એસીની કૃત્રિમ ઠંડક વેઠીને ઊઠું છું ત્યારે ઈઠોતેર વર્ષનો વૃદ્ધ હોઉં છું. પુનિતવનના પ્રાકૃતિક સૌંદર્ય અને હરતી-ફરતી અપ્સરાઓના દેહવૈભવના ઉભારનાં દર્શન માત્રથી વર્ષો પહેલાં વપરાઈ ગયેલું યૌવન અચાનક અમળાઈ ઊઠે છે. હજી જિંદગી અકબંધ છે એવો અહેસાસ અંકે કરીને પાછો ફરું છું ત્યારે ઉંમરના આંકડા વચ્ચે વત્તાનું ચિહ્ન લાગી જાય છે. ઈઠોતેરમા વર્ષે પંદરમા વર્ષની પ્યાસ અને સ્ફૂર્તિ અનુભવું છું. આ પણ આંચકો જ છે ને!

ઉમાશંકર જોશીએ બહુ કાચી વયે નખી તળાવના કિનારે શરદપૂર્ણિમાનો ચંદ્ર નિહાળીને અને તેમના પુરોગામી નખશિખ કવિ કાન્તે પણ ‘સાગર અને શશી’નું સૌંદર્ય માણીને કાલજયી કવિતા રચવા માટે જરૂરી આંચકો

**શુદ્ધ ભક્તિ અને સમર્પણભાવથી રામજન્મભૂમિ મંદિરના નિર્માણમાં પોતાની પરસેવાની કમાણીમાંથી એક ટુકડો દાન કરનાર શ્રદ્ધાળુઓ માટે આ ઘટના ઘણી આઘાતજનક છે**

ખતરનાક આંચકો અયોધ્યાએ જ અનુભવ્યો છે. કરોડોની આસ્થાને લાગેલા આંચકા પછી જે આફ્ટરશોક્સ આવશે તેની કલ્પના જ ધ્રુજાવી મૂકે એવી છે.


શુદ્ધ ભક્તિ અને સમર્પણભાવથી રામજન્મભૂમિ મંદિરના નિર્માણમાં પોતાની પરસેવાની કમાણીમાંથી એક ટુકડો દાન કરનાર શ્રદ્ધાળુઓ માટે આ ઘટના ઘણી આઘાતજનક છે. ચંપતરાય જેવા નીવડેલા વહીવટદાર સામે શંકાની સોય તાકવામાં આવતી જોઈ રામજન્મભૂમિ આંદોલન સાથે સંકળાયેલાં ઋતંભરા જેવાં સાધ્વી પણ દુ:ખી થઈ જાય, એ સ્વાભાવિક છે.

પરંતુ કોઈ પ્રબુદ્ધ અને સક્ષમ મહાનુભાવને વિશ્વાસપૂર્વક સમસ્ત નાણાકીય વહેવાર સાથે સંસ્થાના

ગણાતા પ્રખર હિંદુ રાષ્ટ્રવાદી ડૉ. પ્રવીણ તોગડિયાએ બહુ જ ઉગ્ર પ્રત્યાઘાત આપીને ગુનેગારોને ફાંસીની સજા આપવામાં આવે એવી માંગણી કરી છે. વિદેશમાં કથા કરી રહેલા બાબા બાગેશ્વરે પણ આઘાત અનુભવ્યો છે. ભાગ્યે જ કોઈ ધર્મપ્રેમી નાગરિક આ જરા જુદી ભાતના ‘અયોધ્યા કાંડ’થી પીડા પામ્યા વિના રહ્યો હશે.

રામ તો સૌના ગણાય. કોઈ એક રાજકીય પક્ષ કે સમુદાય તેમને પોતાની પૈતૃક સંપત્તિની જેમ વાપરી બાકીના બધાને તેમનાથી વેગળા ખસેડવામાં સફળતા પ્રાપ્ત કરે, એથી પેલા સાચકલા મર્યાદા પુરુષોત્તમ રામલલાને તો રડવું જ આવતું હશે. એટલે જ કદાચ તેમની મૂર્તિ સગી આંખે પોતાની પ્રોપર્ટી લૂંટાઈ રહી છે એ જોયા છતાં ચૂપ રહી હશે. પેલા વધસ્તંભ પર ચડીને લોહીલુહાણ થઈ ગયેલા ઈસુની જેમ તેમણે મનોમન પોતાના અપરાધીઓને પણ માફ કરી દીધા હશે.

અયોધ્યામાં રહેતા સામાન્ય સાધુ-સંતો મંદિર પર વિશેષ રસૂખ ધરાવતા વહીવટદારોની તુમાખીથી તો ત્રાસેલા હતા જ. તેઓ જે રીતે મંદિર સંકુલ આસપાસની જમીનમાં રોકાણ કરતા રહ્યા, એ જોઈને તેમને શરૂઆતથી જ શંકા હતી કે દાનપેટીઓથી લઈને ભગવાનને ચડાવેલાં



અનુભવ્યો જ હતો. કાલિદાસ અને રવીન્દ્રનાથ ટાગોરથી લઈને સુમિત્રાનંદન પંત કે હમણાં જ દિવંગત થયેલા યુવા પેઢીના આદર્શ વાર્તાકાર બિપિન પટેલે પણ આવા આંચકાઓ અનુભવ્યા પછી જ કલમ ઉપાડી છે.

પણ અત્યારે એ મૃદુ, સંવેદનશીલ મનોજગતને હચમચાવી દેનારા સૂક્ષ્મ આંચકાઓની ચર્ચા નથી કરવી. કચ્છ અને ઉત્તરાખંડમાં આવેલા ભૂકંપ કે જળપ્રલયનું દુ:ખ પણ મહદંશે વિસરાઈ ગયું છે. બલકે કચ્છને તો એ આંચકો સરવાળે ફળ્યો છે. 26 જાન્યુઆરી, 2001ના કચ્છ કરતાં આજનું કચ્છ એક સદી આગળ વધી ગયું છે. આખાં ને આખાં ધરતીમાં ધરબાઈ ગયેલાં ભચાઉ અને અંજાર જેવાં નગરો નવી સજધજ સાથે મહોરી ઊઠ્યાં છે. ઉદ્યોગો ધમધમી રહ્યા છે. ફરી એક વખત ‘કચ્છડો બારે માસ’ મઘમઘતો થઈ ગયો છે. ભૂકંપ પછી જન્મેલી પેઢી માટે તો એ દર્દનાક ઘટના હવે એક દુ:સ્વપ્ન સમી દંતકથા બની રહી છે. નવો ભૂકંપ નહીં આવે ત્યાં સુધી તેમને ફક્ત ભુજિયા ડુંગર પર બનેલું સરકારી સ્મૃતિસ્થાન જોઈને મન વાળવું પડે એમ છે.

શું તાજેતરની તારાજગી નીચે કણસતું તેલના ભંડાર સમું વેનેઝુએલા અને તેની રાજધાની કારાકાસ પણ કચ્છની જેમ આ મરણતોલ માર ખમીને પાછાં ધબકતાં થઈ શકશે? ત્યાં તો તેલના અઢળક ભંડાર છતાં કારમી ગરીબી પ્રવર્તે છે. અમેરિકાએ તેના સરમુખત્યાર જેવા શાસકને રાતોરાત ઉઠાવી લીધા પછી દુનિયાની જમાદારી સાથે જવાબદારી પણ ધારણ કરનારા ટ્રમ્પના દેશની એ નૈતિક ફરજ પણ બની જાય છે કે હવે દાદાગીરીથી તેનું પુનર્નિર્માણ કરીને દાખલો બેસાડે.

ફિલિપાઈન્સ કે અફઘાનિસ્તાન સહિત અનેક દેશોમાં ભૂકંપ આવતા રહે છે. તારાજગી થતી રહે છે. વખત પૂરતું માનવતાનું ઘોડાપૂર પણ આવી જાય છે. કચ્છમાં ભૂકંપ આવ્યો હતો ત્યારે આખી દુનિયા તેની વહારે ચડી હતી, એ આપણે સગી આંખે જોયું છે. એ કરુણાના ઘોડાપૂર સામે નફરતનું ઘોડાપૂર પણ આપણે જોતા રહ્યા છીએ.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી રીતસર મુસ્લિમવિરોધી એજન્ડા પર જ આગામી ચૂંટણી જીતવા કૃતસંકલ્પ હોય એવું નથી લાગતું? તેમને ઉત્તર પ્રદેશ અંકે કરીને છેલ્લે તો દિલ્હીનું મયૂરાસન જ સર કરવું છે. જોકે તેમના એજન્ડા સામે જાણે રામલલાને જ નારાજગી હોય એવો એક

મહાસચિવપદની નવાજેશ થઈ હોય અને પછી ગરબડ-ગોટાળા થાય, ત્યારે એ દોષનો ટોપલો ડ્રાઈવર અને પટાવાળા જેવા નોકરો પર ઢોળી દેવામાં આવે અને તથાકથિત મોટા માણસોનો બચાવ કરવાની કોશિશ થાય, એ તો અંગત ભક્તિભાવ અને લાગણીઓનો જ ઉદ્રેક છે.

ચંપતરાય વગેરે નિર્દોષ હશે તો પણ જનસાધારણને મન તો દોષિત જ રહેશે. સત્તાધીશોની શેહમાં તપાસ અધિકારીઓ કે હમણાં ઘણા કિસ્સામાં બને છે એમ અદાલતો પણ તેમને ક્લીન ચીટ આપી દેશે તો પણ

સામાન્ય રામભક્તને ભરોસો નહીં બેસે. તે તો એમ જ માનવાનો કે હોદ્દો સંભાળ્યો એ ક્ષણથી જ સંપૂર્ણ જવાબદારી સર્વસત્તાધીશ હોદ્દેદારોની બની જાય છે. તેમના પ્રત્યે સહાનુભૂતિ હોય તો પણ તટસ્થ તપાસ કરાવી તેમને જવાબદારી અદા કરવામાં ચૂક થઈ એ ગુનાની સજા મળવી જોઈએ.

રામમંદિર ટ્રસ્ટ રામભરોસે ચાલતું હતું, એ તો નક્કી. તેના વહીવટમાં પારદર્શકતા લાવવાનો પ્રયાસ થયો જ નહોતો. અંગ્રેજી કહેવત યાદ આવે છે: ‘‘Caesar’s wife must be above suspicion.’’ રોમન સમ્રાટ જુલિયસ સીઝરે ફક્ત શંકાસ્પદ લાગતાં જ રાણીનો ત્યાગ કર્યો હતો. એ તો રોમ હતું. આપણા ભગવાન રામે ધોબીના ઘરમાં ઝઘડો થયો અને તેણે ઘરવાળીને ટોણો માર્યો એટલા માત્રથી સતી સીતાને ક્ષણનો પણ વિલંબ કર્યા વિના, સગર્ભાવસ્થામાં જ, લાંબું વિચાર્યા વગર વનવાસ આપી દીધો હતો.

એટલે રામના દેશની પ્રજા તો રામને જ લૂંટનારી શંકાસ્પદ વ્યક્તિ કે વ્યવહારને સાંખી નહીં જ શકે. તિરુપતિ બાલાજીના પ્રસાદ માટે ઘીના વિકલ્પે ચરબીનો ઉપયોગ થતો હતો એવો કોઈ પુરાવો આવે એ પહેલાં જ સનાતન ધર્મમાં શ્રદ્ધા ધરાવતા લોકો ઝનૂની બની ગયા હતા, એ ભૂલવું ન જોઈએ.

થોડાં વર્ષો પહેલાં વિશ્વ હિંદુ પરિષદના પર્યાય સમા

દાગીના ધીરે-ધીરે મોંઘી મિલકતો વસાવવામાં વપરાઈ રહ્યા છે. કોઈ મોઢે નહોતું કહેતું, પણ પાછળ ચણભણ ચાલુ હતી. છેવટે પાપનો ઘડો છલકાઈ ગયો અને વહીવટદારો મોં બતાવવા લાયક પણ ન રહ્યા. આટલી બેફામ લૂંટ પછી પણ ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રીએ પોતાના ‘આદરણીય’ મોવડીઓનો બચાવ કરવા માટે બાબરી મસ્જિદનું ઓઠું લઈને વાહિયાત દલીલ કરી છે. તેમણે ટીકાકારોને તેમની દૃષ્ટિએ ‘સણસણતો’ સવાલ પૂછીને અક્કલનું પ્રદર્શન કર્યું છે. તેઓ કહે છે: મંદિરની બાબતે આવી કાગારોળ કરનારા વિપક્ષી નેતાઓ અને ડાબેરી વિચારધારાને વરેલા રામના દુશ્મનો બાબરી મસ્જિદના ફંડના ગરબડ-ગોટાળાની બાબતે કેમ તપાસની માંગણી નથી કરતા?

બીજી તરફ સ્થાનિક પ્રજા પણ ભારે ટેન્શન અનુભવી રહી છે. નગરના વકીલોએ આરોપીઓનો કેસ નહીં લડવાનો નિર્ણય કર્યો છે. તેમણે ચંપતરાય સહિતનાં મોટાં માથાં સામે કાર્યવાહી કરવાની માંગણી કરી છે. આખરે કરોડો લોકોની આસ્થા સાથે મજાક થઈ છે અને ખુદ ભગવાનની આંખોમાં ધૂળ નાખીને પોતાની તિજોરીઓ છલકાવવાનો ઘૃણાસ્પદ કારસો રચાયો છે. આખી અયોધ્યા નગરીની આબરૂ લેવાનો પ્રયાસ થયો છે. આ આંચકો સમસ્ત સનાતનનો આંચકો છે, જેની કળ વળતાં વર્ષો લાગી જશે. ધર્મના નામે બધું ન્યોછાવર કરીને ધન્યતા અનુભવતી પ્રજા હવે કોઈ જગ્યાએ દાન લખાવતાં સત્તર વાર વિચાર કરશે. તેના હૈયે જે ઉઝરડા પડ્યા છે, એ જલદી રૂઝાય એમ નથી. વળી ધર્મના નામે ચાલતા રાજકીય કમઠાણ પ્રત્યે પણ તે શંકા કરતી થઈ જાય તો નવાઈ નહીં. આ કોઈ સાધારણ આંચકો નથી. એ ભલભલા સત્તાધીશો અને ધર્મધુરંધરોની ઊંઘ હરામ કરી શકે એમ છે. કલાપીની કવિતા ‘એક આગિયાને’ની જાણીતી પંક્તિ હવે લોકજીભે ચડી ગયેલી સૂક્તિ બની ગઈ છે:

*‘જે પોષતું તે મારતું, શું એ નથી ક્રમ કુદરતી?*
*દ્યુતિ જે તને જીવાડતી, દ્યુતિ તે તને સંહારતી;*
*જે પોષતું તે મારતું, એવો દીસે ક્રમ કુદરતી’*

વેનેઝુએલાના પાટનગર કારાકાસ કે આપણા બારમાસી કચ્છના ભૂકંપ કરતાં અવધનગરીનો આ અકલ્પનીય આંચકો વધુ દૂરોગામી અસર ઊભી કરી શકે એવું નથી લાગતું?

અનુસંધાન પાના એકનું

### બહુશ્રુત

આપણે એક દેશ તરીકે વિશેષ પ્રકારનો માનસિક વિરોધાભાસ સાધી લીધો છે. જીડીપીમાં જર્મની, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં સિલિકોન વેલી અને સ્પેસમાં ઇસરો સાથે સરખામણી કરતું આપણું રાષ્ટ્ર, જ્યારે પોતાના જ ઘર બહારના ખાડા કે તૂટેલા ફૂટપાથ વિશે પૂછવામાં આવે ત્યારે અચાનક “વસ્તી બહુ વધારે છે” જેવા બહાનાઓ કાઢવા માંડે છે. એક દેશ વૈશ્વિક શક્તિઓની હરોળમાં સ્થાન માંગે અને સાથે જ શાંતિથી એ પણ સ્વીકારી લે કે તેના નાગરિકોએ રસ્તો પાર કરતી વખતે જીવ બચાવવા કરતબ બતાવવા પડશે, આ બંને વિરોધાભાસી વાતો લાંબો સમય ન ચાલી શકે.

આપણે સતત ‘Ease of Doing Business’વિશે વાત કરીએ છીએ, કદાચ હવે ‘Ease of Living’ની માંગ કરવાનો સમય આવી ગયો છે. વિકસિત દેશ એ નથી જ્યાં અબજ ડોલરની કંપનીઓ હોય પણ સામાન્ય નાગરિકો તૂટેલા ફૂટપાથ અને ટ્રાફિક જંક્શન વચ્ચે જીવ હથેળીમાં રાખીને જીવતા હોય. આપણે અસાધારણ સિદ્ધિઓની ઉજવણી કરીએ છીએ, સૌથી લાંબો એક્સપ્રેસવે, સૌથી ઊંચી પ્રતિમા. પરંતુ કોઈ રાજકારણી એવા પ્રચાર સાથે ચૂંટણી નથી લડતો કે “મારા કાર્યકાળ દરમિયાન શહેરના દરેક મેનહોલને ઢાંકવામાં આવ્યું હતું.”

છતાં ય સત્યો એ છે કે આ ન દેખાતી, આકર્ષક ન લાગતી અને મોટી ઉજવણીને લાયક નથી એવી સામાન્ય કાર્યક્ષમતા, દોડતાં રહી કામ કરતાં રહેતા શહેરો અને માત્ર સપનાં જોતાં શહેરોની વચ્ચેનો મોટો તફાવત છે. વિશ્વનું શ્રેષ્ઠ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તો એ છે જેની કોઈ નોંધ નથી લેતું, કારણકે તે બસ અવરોધ વગર પોતાનું કામ કરતું રહે છે. તે ચાલે છે, અટકતું નથી અને અવરોધ નથી બનતું.

બાય ધી વે: વિકસિત રાષ્ટ્ર રોજેરોજ અસાધારણ દિવસોનું પ્રોમિસ નથી આપતું, તે સામાન્ય દિવસો પર ભરોસો કરી શકાશે તેની ખાતરી આપે છે-કે વરસાદ પડશે પણ વોટરલોગિંગ નહીં થાય, ફૂટપાથ પર ચાલી શકાશે, મેનહોલ ખુલ્લાં નહીં હોય. આ શાંઘાઇ કે ચીન બનવાનાં સપનાં નથી આ ઓછામાંઓછી અપેક્ષાઓ છે. આપણે સતત અસાધારણ સિદ્ધિઓનો પીછો કરીએ છીએ પણ નાનામાં નાની સુવિધા પુરી પાડવામાં નિષ્ફળ જઇએ છીએ. દર ચોમાસે ગરકાવ થઇ જતાં શહેરો માટે વરસાદ સમસ્યા નથી. તે ક્યારેય નહોતી. વરસાદ તો વર્ષ એક વાર આવતો મોસમ છે જ્યારે વાસ્તવિકતાને ન તો સંભાળી શકાય છે ન તો તેને કોઇ સ્પિન આપી શકાય છે કે ન ટ્રેન્ડિંગ વિષયોથી ઢાંકી શકાય છે. આ મોસમમાં ખુલ્લા મેનહોલ અવગણવા શક્ય નથી કારણકે કોઇની મોતના સમાચાર આપણે વાંચ્યા હોય છે. વર્ષના બાકીના મહિનાઓમાં આપણી નિયત પ્રાથમકિતાઓ નકારી શકાય તેવી નથી રહેતી. કોઇ રાષ્ટ્રનું મૂલ્ય તે સામાન્ય દિવસોમાં કેવા જોખમો સાથે જીવતા શીખી જાય છે તેના પરથી નક્કી થાય છે અને માટે જ સામાન્ય દિવસે ગોઝારા ન બને તેની સહિયારી જવાબદારી લેવાનો સમય ક્યારનોય પાકી ગયો છે. કદાચ સમસ્યા વરસાદ નથી. કદાચ સમસ્યા એ છે કે આપણે દર વર્ષે વરસાદ પહેલાં બદલાવની રાહ જોઈએ છીએ અને વરસાદ પછી ભૂલી જઈએ છીએ.



## અજાણ્યા લોકો આપણી સાથે ઉપેક્ષાભર્યું કે ગુસ્સાભર્યું વર્તન કેમ કરે છે?

અબીલ ગુલાલ
જયવંત પંડયા

તમે નોંધ્યું હશે કે ઘણી વાર જેની સાથે આપણે ક્યારેય પનારો ન પડ્યો હોય તેવી વ્યક્તિ આપણી સાથે ઝઘડી પડે છે. દા. ત. ટ્રાફિકમાં તમે જતા હો અને કોઈને તમે ઑવરટેક કરવા સાઇડ આપી શકો તેમ ન હો તો તે તમને હૉર્ન વગાડી-વગાડી હેરાન કરી મૂકશે અને જ્યારે તેને તક મળશે ત્યારે ઑવરટેક એવી રીતે કરશે કે તમે તેની સાથે અથડાતાં-અથડાતાં રહી જાવ.

તમે કોઈ મેડિકલ સ્ટૉરમાં દવા ખરીદવા ગયા ત્યારે કોઈ ફૉન પર વાત કરે છે અને તે તમારી સામું જોતો પણ નથી. તમે શાંતિથી રાહ જોઈને ઊભા રહો છો કે તે ફૉન પર વાત કરવાનું મૂકે એટલે તમે તેને ખરીદીનો ઑર્ડર આપો. પરંતુ તે ફૉન પર વાત કરતાં-કરતાં જ તમારી પાસે આવે છે અને તમને પૂછે છે કે શું જોઈએ છે? તમે કહો છો કે ફલાણી દવા જોઈએ છે.

તે તમને જોઈતી દવાના બદલે કોઈ બીજી જ દવા લઈને આવે છે અથવા તમારે પાંચનું પતીકું જોઈતું હોય તેના બદલે તે કાપીને ત્રણ ટેબલેટ લઈ આવે છે. તમે કહેશો કે મારે આ દવા નહીં પેલી દવા જોઈતી હતી. તો તે તરત જ વડકું ભરશે કે પહેલાં ન કહેવાય? અહીં શું અમારે ધક્કા ખાધે રાખવાના? તમે કહેશો કે મેં તો બરાબર જ કહેલું પણ તમે સાંભળ્યું નહીં. તમે ફૉન પર વાત કરી રહ્યા હતા એટલે એ કહેશે, એ તમારે નથી જોવાનું. હું ફૉન પર વાત કરું કે ન કરું, તમારે શું લેવાદેવા? તમને તમારી વસ્તુ મળી ગઈ ને?

**લગ્નમાં બૂફેની લાઇનમાં, ટ્રાફિકમાં વાહન ચલાવતી વખતે કે ગેરેજમાં રિપેરિંગ કરાવવા ગયા હો ત્યારે અજાણ્યા લોકો કેમ તમારી ઉપેક્ષા કરે છે?**

જો એ ત્રણ ટીકડી લઈ આવે અને તમે કહો કે મારે તો પાંચ જોઈતી હતી તો તે કહેશે, પહેલાં કહેવાય ને? મેં તો તોડી નાખી. હવે આ ત્રણ રાખો, બીજી પછી લઈ જજો. કાં તો તે પાંચની સાથે આ ત્રણ પણ પધરાવી દેશે એમ કહીને કે આ ત્રણ કોણ લેશે?

તમે કોઈ લગ્નમાં ગયા છો અને બુફેની લાઈનમાં ઊભા છો. ત્યાં કોઈ બે-ચાર જણા એ લાઈનમાંથી બીજી ક્રૉસ લાઈન બને તેમ ઊભા રહી જાય છે. તમે તેમને કહેશો કે ખરી લાઈન આ છે. તેઓ કહેશે કે ખરી લાઈન અમારી જ છે. અમે ક્યારના અહીં ઊભા છીએ. તમે અમારી પાછળ આવો.

તમે સ્કૂટર રિપેર કરાવવા જાવ છો. ગેરેજમાં બીજા કોઈનું વાહન રિપેરિંગ માટે નથી. મિકેનિક મોબાઈલ પર રીલ જોતો હોય છે. તમે જાવ એટલે પહેલાં તો થોડી વાર એ તમારી સામું પણ નહીં જુએ. યથાર્થમાં તેને ખબર હોય છે કે તમે રિપેરિંગ માટે આવ્યા છો. પછી જાણે ઉપકાર કરતો હોય તેમ તે ઊભો થશે અને તમને ઈશારો કરીને પૂછશે, બોલો. તમે કહેશો કે અહીં આવો, આ દેખાડવાનું છે એટલે માંડમાંડ ઊભો થઈ શાંતિથી તમારી પાસે આવશે. તમે સમસ્યા કહેશો એટલે કહેશે, બે કલાક પછી આવજો.

હવે તમારું ઘર નજીક હોય કે દૂર પણ તમારે ત્યાંથી ચાલતા કે રિક્ષા પકડીને ઘરે જવું પડે. બે કલાક પછી પાછા આવવું પડે. તમને ખબર છે કે સમસ્યા નાની એવી જ છે. પરંતુ મિકેનિક તમને બે કલાક પછી આવવાનું કહી દે છે, અને મિકેનિકને કમિટમેન્ટ કર દી તો ફિર વો અપને પૂજ્ય પિતાજી કી ભી નહીં સૂનતે. તમને થાય છે કે મિકેનિક તો નવરો જ બેઠો હતો તોય તે તમારી સામે ફટાફટ રિપેર કરીને નથી આપતો અને ધક્કા ખવડાવે છે.

તમે સવારે ચાલવા નીકળ્યા છો અને એક બહેન શ્વાનને છી કરાવવા નીકળ્યાં છે. બહેન શ્વાનનો પટ્ટો હાથમાં ઢીલો પકડી ફૉન પર વાત કરે છે. તમે તેની બાજુમાંથી પસાર થાવ છો અને કોણ જાણે કેમ, શ્વાન તમારા પર કૂદકો મારે છે. તમે હેબતાઈ જાવ છો. માંડમાંડ પાછા હટી શ્વાનથી પીછો છોડાવવા પ્રયાસ કરો છો પણ શ્વાન ફરી એક વાર તમારા પર તરાપ મારે છે. તમે બૂમાબૂમ કરો છો ત્યાં એ બહેન તમારી પાસે આવે છે. અને જાણે કંઈ ખોટું થયું નથી તેમ પોતાના ‘ટોમી’ કે ‘સ્વીટી’ને કહે છે, “ચાલો. કમ ટોમી. કમ સ્વીટી.” તે તેમને ‘સૉરી’ પણ નથી કહેતી કે પૂછતી પણ નથી કે તમને ક્યાંય વાગ્યું તો નથી ને. તમારા હૃદયના ધબકારા શાંત પડ્યા કે નહીં? તમને પાણી પણ નહીં આપે.

તમે તમારા વિચાર સાથે કોઈ પૉસ્ટ મૂકો છો અને કોઈ અજાણી જ વ્યક્તિ તમારી પૉસ્ટ પર ખરાબ કૉમેન્ટ કરે છે.

તમને થાય છે કે સાવ કંઈ લેવાદેવા જ ન હોય તેવી વ્યક્તિ, જેનું આપણે કંઈ બગાડ્યું જ ન હોય તેવી વ્યક્તિ કેમ આવું વર્તન કરે છે? દુકાનમાં કે ગેરેજ કે સરકારી ઑફિસમાં બેઠેલી વ્યક્તિ આપણી ઉપેક્ષા કેમ કરે છે? લગ્નમાં કોઈ વચ્ચે ઘૂસણખોરી કેમ કરે છે? શ્વાનવાળી બહેન કેમ અપરાધભાવ નથી અનુભવતી અને ‘સૉરી’ નથી કહેતી. પેલી ઑવરટેકવાળી વ્યક્તિએ કંઈ લેવાદેવા વગર કેમ હું અથડાઈ જાવ તેમ ઑવરટેક કરી આડી-આડી કાર કે સ્કૂટર ચલાવ્યું?

આનો ઉત્તર છે આજના સામાજિક વાતાવરણમાં. આજે સામાજિક વાતાવરણ એવું થઈ ગયું છે કે કોઈને કોઈની આવશ્યકતા નથી. બધા પોતાને બીજા કરતાં સુપિરિયર બતાવવા પ્રયત્ન કરે છે. ઍડજસ્ટમેન્ટ કે સહનશીલતાનો ગુણ હવે ઘટતો જાય છે. તણાવ પણ સખત વધી રહ્યો છે. ઘણી વાર તણાવજનક પરિસ્થિતિ ન હોય તો પણ કારણ વગર ઍન્ક્સાઈટી, ઉચાટ અનુભવાતો હોય છે.

આરોગ્ય નિષ્ણાતો આનું કારણ મોબાઈલ, આહાર અને દિનચર્યાને ગણે છે. તામસિક આહાર ગુસ્સો પ્રેરે છે. અપૂરતી ઊંઘથી ચીડિયાપણું આવે છે અને મોબાઈલમાં ખોવાયેલા રહેવા માગતા હો અને કોઈ તમને તેમાંથી બહાર કાઢે ત્યારે પણ ગુસ્સો આવે છે.

હવે સમજાયું ને કે અજાણ્યા લોકો કેમ ખરાબ વર્તન કરે છે? પરંતુ તેની સાથે કેમ કામ લેવું? તેના માટે તમારે ધીરજ અને સંયમનો ગુણ કેળવવો પડશે. તમારે પારો ચડાવ્યા વગર તેની સાથે કામ લેવું પડશે. તે મોબાઈલ જોઈ લે ત્યાં સુધી રાહ જોવાની ધીરજ કેળવવી પડશે અને ટ્રાફિકમાં થતા ઝઘડા બાબતે તો તમે કંઈ કરી શકશો નહીં એટલે એવી વ્યક્તિની ઉપેક્ષા જ કરો અને હા, સૌથી મોટો પદાર્થપાઠ, આપણે કોઈ અજાણ્યા વ્યક્તિ સાથે કારણ વગર ખરાબ વર્તન કે તેની ઉપેક્ષા ન કરવી.

અનુસંધાન પાના એકનું

### કબીરા ખડા બજાર મેં

ટેક ધનપતિ ઈલોન મસ્કે એક્સએઆઇ કંપની શરૂ કરી છે. ચેટબોટ ટેક્નોલોજી સાથેની એક સ્માર્ટફોન એપ્લિકેશન આ કંપની દ્વારા વહેતી મૂકાઇ છે. યુઝર્સની ઈચ્છા અનુસાર સ્ત્રી કે પુરુષના કોઇ એક રૂપમાં એનિમેટેડ પાત્ર સ્ક્રીન પર હાજર થાય છે. યુઝરની પસંદગી પ્રમાણેના અવાજમાં વાત કરે છે. અવાજનાં ઘણા વિકલ્પો છે. સ્ત્રી પાત્રનું નામ ‘એની’ છે. સોનેરી વાળ, પીગટેઈલમાં બાંધેલા અને શરીરનાં અમુક અંગો દેખાય એવો કાળો પોશાક. એની પોતાની વાતચીતમાં યુઝરને કામ (સેક્સ)ની વાતો તરફ સતત સંકેતો આપતી રહે છે. ઈશારાઓ અને સાંકેતિક ભાષાઓ યુઝરને સેક્સના સંવાદો સુધી ખેંચી જાય છે. એનીનું પ્રત્યેક વાક્ય યુઝર, ખાસ કરીને પુરુષ યુઝરને એંગેજ રાખવા માટેનું હોય છે. એ યુઝરની સ્મૃતિઓ, અનુભવો, ઈચ્છા અપેક્ષાઓની વિગતો સ્ટોર કરતી રહે છે અને ભવિષ્યમાં એ બાબતોનો ઉલ્લેખ એવી રીતે કરતી રહે છે કે જાણે એ કોઇ જૂની અને વિશ્વસનીય મિત્ર હોય! સ્ક્રીનમાં ખૂણા પર હાર્ટનું નિશાન હોય છે. તેના પર એક સ્કોર હોય છે. એની સાથેના સંવાદોમાં એનીને મજા આવતી જાય તેમ તેમ સ્કોર વધે. અને આખરે એવી સ્થિતિ આવે છે જેમાં એની વસ્ત્રો ઉતારવા તૈયાર થઇ જાય છે. કંપનીએ સ્ત્રીઓ યુઝર્સ માટે એવું સંસ્કરણ બહાર પાડ્યું છે જેમાં એનીની જગ્યાએ ‘વેલેન્ટાઇન’ નામક યુવાન પુરુષ હોય છે.

સ્ક્રીન પર સાથીદારો પૂરા પાડતી અન્ય બોટ્સ અને એપ્સ છે. જેવી કે રેપ્લિકા, કેરેક્ટર ડોટ AI, સ્નેપચેટની ‘માય એઆઇ’. અભ્યાસો કહે છે કે યુઝર રોજના સરેરાશ એક કલાકથી વધુ સમય આ સ્ક્રીન સાથીદારોના સંગાથમાં વિતાવે છે. અમુક માટે આ માત્ર એક બોટ જ હોય છે, પરંતુ અમુક તેઓને જીવનસાથી તરીકે ગંભીરતાથી લેવા માંડે છે.

ચેટબોટ્સને એક મેકની ચડિયાતાં અને અલગ બતાવવાની સ્પર્ધા વધી છે. જેમ કે ચેટજીપીની પાંચમી આવૃત્તિમાં એઆઇ જીવનસાથી પસંદ કરવાના ચાર વિકલ્પો આપવામાં આવે છે. પ્રકૃતિ કે સ્વભાવ પ્રમાણેના સાથીદાર કે સંગિની પસંદ કરી શકાય છે. વિકલ્પો છે, ‘સિનિક’ અર્થાત્ વાંકદેખા અને ખોદણીખોર, ‘રોબોટ’ અર્થાત્ યંત્રમાનવ, લિસનર અર્થાત્ સાંભળવાની ધીરજ ધરાવતો અને ‘નર્ડ’ એટલે વેદિયો, અમુક વિષયોમાં પારંગત પણ ધાર્યા વિષયોમાં ઢ. આમાંથી કોઇ એક સ્વભાવની પસંદગી કરો અને ન ફાવે તો બદલાવી શકાય છે. આખરે મશીન તો છે. સંપત્તિમાંથી કોઇ ભાગ કે ભરણપોષણ નહીં. ચેટજીપીટી વોઇસ મોડ આપે છે જેમાં સાથીદારનો (નવમાંથી કોઇ એક) મનપસંદ અવાજ સિલેક્ટ કરી શકો. એની સાથે મોટેથી વાતચીત કરી શકો. જેમ કે ‘વેલ’ પર પસંદગી ઉતારો તો એક બ્રાઇટ અને જીજ્ઞાસુ સ્ત્રી વાતચીત કરવા આવશે. જેમ જેમ સાનિધ્યનું પ્રમાણ વધે તેમ તેમ ડેટા અને અલ્ગોરિધમ ઘટ્ટ બને, તે વળી પાછા સંબંધોને વધુ વ્યક્તિગત બનાવે. એવું પણ બન્યું છે, રેપ્લિકા અને જીપીટી-૪૦ ના કિસ્સામાં કે જેમાં ટેક્નોલોજિકલ કારણોસર બોટની મેમરી જતી રહે અને બોટનું વર્તન બદલાઇ જાય. યુઝરોને તે પસંદ પડ્યું નથી.

તકરારો માનવીના વિકાસ માટે મહત્વની હોય છે. કોઈક કહેનાર હોવું જોઇએ કે;‘બસ કરો યાર, હંમેશા સ્ટુપીડની માફક વાત કે વર્તન ન કરો.’ એકમેકની અલગ અલગ પ્રકૃતિ અને પસંદગીને ધ્યાનમાં રાખીને વાત કે વર્તન થાય તે માનસિક વિકાસ માટે ઘણા મહત્વનાં હોય છે.